# પ્રસાર ભારતી

# પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 15-05-2024 બપોરે : 2.30 થી 2.35

વાર : બુધવાર

આકાશવાણી અમદાવાદ, વડોદરા....પ્રાદેશિક સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

---

(ન્યૂઝ બ્રેક – આ પ્રાદેશિક સમાચાર આપ આકાશવાણી અમદાવાદ – વડોદરા પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી – અમદાવાદ – વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા)

## GUJ – WEATHER UPDATE

રાજ્યમાં સોમવારે પડેલા કમોસમી વરસાદ બાદ ગરમીથી થોડી રાહત મળી છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. હવામાન વિભાગ અનુસાર આજે અમદાવાદ, ગાંધીનગર, ખેડા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર સહિતના જીલ્લાઓમાં વરસાદ વરસી શકે છે. આવતીકાલે પણ અમદાવાદ અને આસપાસના જિલ્લાઓમાં વરસાદની અગાહી છે. આ સિવાય સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક ભાગોમાં છૂટો છવાયો વરસાદ  પડે તેવી શક્યતા છે.

સોમવારે મહેસાણા જિલ્લામાં થયેલા કમોસમી વરસાદમાં વીજળી પડવાથી પાંચ પશુઓના મોત પણ થયા હતા. જેમાં કડી તાલુકામાં રાજપુર ઇરાણા અને સેફડા ગામ ખાતે ત્રણ પશુઓ પર વીજળી પડવાથી મોત થયા અને વિસનગરના ભાંડું તેમજ ઊંઝા તાલુકાના સીહી ગામ ખાતે પશુઓના મોત થયા છે. ખેડૂતો આ વિશે આફ઼ાત નિવારણ વિભાગ ને જાણ કરી હતી. પંચમહાલ જિલ્લામાં સોમવારે થયેલા વરસાદને કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે.

ગોધરા અને કાલોલ તાલુકામાં વાવાઝોડા સાથે વરસેલા વરસાદને કારણે ઉનાળુ પાકની ખેતીને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયું હતું. ઉનાળુ સિઝનમાં આ વર્ષે કુલ 13,920 હેક્ટરમાં પાકનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેમાં ડાંગર 3134 હેકટર, બાજરી 2301 હેકટર, મકાઈ 331 મેક્ટર અડદ 1404 હેક્ટરમાં અને ઘાસચારો 3720 હેકટરમાં વાવેતર કરવામાં આવ્યો હતો.

ખાસ કરીને ગોધરા અને કાલોલ તાલુકામાં  બાજરી અને ઘાસચારાનો પાક આડો પડી જતાં અંદાજે 15 થી 20% નુકશાન થયુ હોવાનું જિલ્લા ખેતીવાડી અધિકારી એમ જી પટેલે જણાવ્યું હતું. જો વરસાદ યથાવત રહેશે તો કૃષિ વિભાગ દ્વારા પાકનો સર્વે કરાવાશે.

શહેરા તાલુકાના મોરવા રેણા, ગોકળપુરા તેમજ ઉજડા આસપાસ ના ગામોમાં ડાંગર પાક તેમજ  ડાંગર કાપ્યા બાદ પશુઘાસચારા માટે રાખી મુકેલ પરાળ પલળતા ખેડૂતો ચિંતામાં મુકાયા હતા.

## YAMUNOTRI GUJARAT SHRADHALU MOT

ઉત્તરાખંડના યમુનોત્રી ધામની યાત્રાએ ગયેલા મધ્યપ્રદેશ અને ગુજરાતના એક-એક શ્રદ્ધાળુના ગઇકાલે મૃત્યુ નીપજ્યા હતા. બંનેને બેભાન અવસ્થામાં જાનકીચટ્ટી સ્થિત આરોગ્ય કેન્દ્ર

ખાતે પહોંચાડવામાં આવ્યા હતા, જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. રાજ્યની ચારધામની યાત્રા દરમિયાન અત્યાર સુધી કુલ સાત યાત્રાળુઓએ જીવ ગુમાવ્યો છે. આ પહેલાં બદરીનાથ ધામમાં એક યાત્રાળુએ જીવ ગુમાવ્યો હતો.

અમદાવાદ શહેરના રહેવાસી દક્ષાબેન પટેલને ગઇકાલે સવારે આઠ વાગ્યે યમુનોત્રીથી પરત ફરતા સમયે શ્વાસ લેવામાં મુશ્કેલી થતાં તેઓ બેભાન થઈ ગયા હતા. તેમને ડોક્ટર દ્વારા મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

## POICHA TREGEDY UPDATED

નર્મદા જિલ્લાના પોઈચામાં આવેલી નર્મદા નદીમાં આઠ લોકો ડૂબ્યા હતા. જોકે, ઓગણીસ કલાક બાદ એક વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો છે. જ્યારે સુરતના પરિવારના 6 સભ્યની શોધખોળ ચાલી રહી છે. NDRF અને નગરપાલિકાની ટીમ ગુમ થયેલા લોકોને શોધવાની કામગીરી કરી રહી છે.

સુરતથી પોઈચા આવેલા 17 લોકો નદીમાં ન્હાવા ગયા હતા. નદીમાંથી બહાર આવતાં સમયે ત્રણ બાળકો સહિત આઠ લોકો ડૂબ્યા હતા.. આમાંથી એક વ્યક્તિને સ્થાનિક યુવાનોએ બચાવી લીધો હતો, પરંતુ સાત લોકોની શોધખોળ ચાલી રહી હતી. હવે આમાંથી એક વ્યક્તિનો મૃતદેહ મળતાં અન્ય છ લોકોની શોધખોળ ચાલી રહી છે. આ તમામ લોકો અમરેલીના વતની હતા અને સુરતમાં હીરા ઘસવાનું કામ કરી રહ્યાં હતા.

## TAPI SHRAMIK MOT

તાપીમાં સોનગઢ તાલુકાના ગોલન ગામમાં નવનિર્મિત પાણીની ટાંકીનો કેટલોક ભાગ ધરાશાયી થતાં એક શ્રમિકે જીવ ગુમાવ્યો હતો.

ગામમાં પાણી-પૂરવઠા વિભાગ હસ્તક પૂર્વ સોનગઢ પેકેજ ત્રણ યોજના અંતર્ગત 18 મીટર ઊંચી ટાંકીનું કામ ચાલી રહ્યું હતું. તે દરમિયાન અચાનક ટાંકીનો નીચેનો ભાગ ધરાશાયી થતાં એક શ્રમિકે જીવ ગુમાવ્યો હતો. જ્યારે અન્ય ત્રણ ઈજાગ્રસ્ત શ્રમિકોને સુબીરની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## 12 Science Marksheet

રાજયની શાળાઓમાંથી આગામી 17મી મે થી ધો-12 વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટ 2024 પરીક્ષાના પરિણામની માર્કશીટ, એસ.આર. અને પ્રમાણપત્રો મેળવી શકાશે.

ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની ગુજકેટ 2024 પરીક્ષાની માર્કશીટ ટપાલ મારફતે મોકલી આપવામાં આવશે.

## Examination and Supplementary Examination

શિક્ષણ બોર્ડ દ્વારા વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પરિણામ સુધારવા ખાસ આયોજન કરવામાં આવ્યું છે... ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ 2024 માં લેવાયેલ પરીક્ષા અને પૂરક પરીક્ષા બંને માંથી ઉચા પરિણામની પસંદગી વિદ્યાર્થીઓ કરી શકશે.

વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ જે વિષયમાં નાપાસ થયા હોય એટલા વિષયની અથવા તમામ વિષયની લેખિત પરીક્ષા આપી શકશે સાથે જ માર્ચ 2024 ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પણ જેટલા વિષયની પૂરક પરીક્ષા આપવી હોય તે આપી શકશે.. વિજ્ઞાન પ્રવાહના રીપીટર વિદ્યાર્થીઓ રીપીટર વિષયોનીજ પૂરક પરીક્ષા આપી શકશે... ધોરણ 12 સાયન્સમાં પ્રેક્ટીકલ માં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ જ પ્રેક્ટીકલની પૂરક પરીક્ષા આપી શકશે.... આ વર્ષે શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ 10 અને ધોરણ 12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષામાં 1 વિષયનો વધારો કરાયો છે...ધોરણ 10 ના વિદ્યાર્થીઓ આ વર્ષે 3 વિષય ની પૂરક પરીક્ષા આપી શકશે જ્યારે ધોરણ 12 સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ 2 વિષયની પૂરક પરીક્ષા આપી શકશે. શિક્ષણ બોર્ડ દ્વારા આગામી જૂન માસના અંતમાં પૂરક પરીક્ષા યોજવાની આયોજન કરાઇ રહ્યું છે.

## TALALA

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા માર્કેટીંગ યાર્ડમાં કેરીનુ વેચાણ વધી રહ્યું છે. આજે દસ કિલોગ્રામ કેસર કેરીના 10,820 બૉક્સ વેચાણમાં આવ્યા હતા. જેમાં સારામાં સારી કેરીનું એક બોક્સ રૂ. 1,125માં વેચાણ થયું હતું. નબળી કેરી રૂ.775માં વેચાણ થતા યાર્ડમાં, તેરમા દિવસે સરેરાશ ભાવ રૂ. 400 રહ્યા હતા. આ વર્ષે અત્યાર સુધીની સિઝનમાં કેસર કેરી 850 રૂપિયા પ્રતિ દસ કિલોના ભાવે વેચાઈ રહી છે. અત્યાર સુધીમાં અંદાજે કુલ 1,લાખ, પાંચ હજાર, 860 બૉક્સ વેચાણમાં આવ્યા હતા. કેરીના ઉત્પાદકોને 9 કરોડની આવક થઈ હોવાનો અંદાજ છે.